PROJECT NAME: <u>SHAYONA AAGMAN</u>

RERA Registration No.:

:: સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદની મિલકતના વેચાણ અંગેનો કરાર ::

(કબજા વગરનો)

<u>લખાવી લેનાર</u>

<u>એકતરફવાળા</u> *ઉંમર આશરે વર્ષ ,ધર્મે હીન્દુ, ધંધો : ,*

રહેવાસી :

અમદાવાદ,.....................................ના.

PAN NO.

<u>જોગ</u>	**શ્રી હરી એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢીની વતી અને તરફથી તેના ભાગીદારો**
<u>લખી આપનાર</u>	**(૧) હેમલ કે. પટેલ**
<u>બીજીતરફવાળા</u>	**(૨) પીયુષ બી. પટેલ**
	બંને ધર્મે હીન્દુ, ધંધો : વેપાર, ઠેકાણું : અમદાવાદ, મેઘાણીનગર, ૧-અભિષેક સોસાયટીના.
	PAN NO. ACYFS 6302B

૧. *મોજે ગોતા તાલુકા અમદાવાદ પશ્ચિમ ડીસ્ટ્રીકટ અને સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદના ગામની સીમના સરવે નંબર-૨૦૬ ની ૨૦૨૩૪ સમચોરસમીટરની જમીન સદરહુ જમીનને બદલે પ્રપોઝડ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩૩ ની રૂઈએ મળેલા ફાઈનલ પ્લોટ નંબર : ૨૪/૧ ની ૧૦૫૪૮ સમચોરસમીટરની બીનખેતીની જમીન શ્રી અરવિંદભાઈ કાન્તીલાલ પટેલ, રહેવાસી : થલતેજ, ૧૧-નોબલ્સ રેસીડેન્સીની પાસેથી શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડ તારીખ ૧૮/૦૪/૨૦૧૩ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે અને સદરહુ વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અનુક્રમ નંબર-૩૨૮૦ થી નોંધવામાં આવેલો છે.*

૨. *સદરહુ ફાઈનલ પ્લોટ નંબર : ૨૪/૧ ની ૧૦૫૪૮ સમચોરસમીટરની જમીન ઉપર ફલેટો તથા દુકાનોનું બાંધકામ કરવા માટેની સ્કીમ શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડે કરેલી અને તે સ્કીમ* **શુકન એન્જોય** *ના નામથી ઓળખાતી આવેલી.*

૩. *સદરહુ જમીન ઉપર ફલેટોનું બાંધકામ તથા અમુક દુકાનોનું બાંધકામ કરવા માટેના પ્લાનો શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનમાં મંજુર કરાવેલા છે અને તેવા મંજુર કરાવેલા પ્લાનો મુજબ પંદર બ્લોકોનું નીચે જણાવ્યા મુજબની વિગતનું બાંધકામ કરવા માટેની*

મંજુરી આપવામાં આવેલી છે અને કોમન પ્લોટમાં પાર્કીંગ માટેનું ભોંયરાનું બાંધકામ કરવાની મંજુરી રી-વાઈઝડ પ્લાનથી આપવામાં આવેલી છે.

૪. ઉપર જણાવ્યા મુજબ પંદર બ્લોકોના બાંધકામ પૈકી તેર બ્લોકોનું બાંધકામ શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડે શરૂ કરેલું છે ને તે રીતે ૧૩ બ્લોકોના બાંધકામનું ખોખું તૈયાર થઈ ગયેલું છે.જ્યારે બે બ્લોકોનું કોઈ બાંધકામ શરૂ કરવામાં આવેલું નથી.

૫. (અ) ઉપર જણાવ્યા મુજબના ૧૩ બ્લોકોનું જે ખોખું તૈયાર કરવામાં આવેલું છે તે પૈકી ૧૧ બ્લોકોમાં ભોંયતળીયાના ભાગે હોલો પાર્કીંગનું બાંધકામ કરવામાં આવેલું છે અને પહેલા માળે તથા બીજા માળે તથા ત્રીજા માળે તથા ચોથા માળે તથા પાંચમા માળ ઉપર ચાર ફલેટોનું બાંધકામ કરવાનું છે તે મુજબના પ્લાનો મંજુર થયેલા છે અને તેવા ૧૧ બ્લોકોના બાંધકામનું ખોખું તૈયાર થઈ ગયેલું છે પરંતુ તેવા ૧૧ બ્લોકોના બાંધકામનું કોઈ ફીનીશીંગ કામ થયેલું નથી. જે પૈકી ૩ બ્લોકના બાંધકામની બહારની બાજુ પ્લાસ્ટરનું કામકાજ થયેલું છે.

(બી) બાકીના બે બ્લોકોના બાંધકામનું ખોખું તૈયાર થઈ ગયેલું છે અને તેવા દરેક બ્લોકના ભોંયતળીયાના ભાગે પાંચ દુકાનોનું બાંધકામ થવાનું છે અને હોલો પ્લીન્થનું બાંધકામ થવાનું છે તે મુજબના પ્લાન મંજુર થયેલા છે અને તેવા દરેક બ્લોકના મકાનના પહેલા માળે પાંચ દુકાનોનું તથા બે ફલેટોનું બાંધકામ તથા બીજા માળે તથા ત્રીજા માળે તથા ચોથા માળે ચાર ચાર ફલેટોનું બાંધકામ થવાનું છે તે મુજબના

પ્લાન મંજુર થયેલા છે અને પાંચમા માળે બે ફલેટોનું બાંધકામ થવાનું છે તેવા પ્લાન મંજુર થયેલા છે.

(સી) ઉપર જણાવ્યા મુજબના જે ૧૩ બ્લોકોનું ખોખાનું બાંધકામ થઈ ગયેલું છે તેવું જણાવેલું છે તેવા ૧૩ બ્લોકોમાં ફલેટોની અંદર ઈંટોથી દીવાલના ચણતરનું કામ પુરું થઈ ગયેલ છે.

૬. ઉપર જણાવેલા ૧૪ બ્લોકો **બ્લોક નંબર-A તથા B** તથા **D** થી **O** તરીકે ઓળખવામાં આવે છે અને બાકીના ૧૨ બ્લોકો જેનું ઉપર જણાવ્યા મુજબનું બાંધકામ થયેલું છે તેને **બ્લોક નંબર- A તથા B અને બ્લોક નંબર- D થી O** તરીકે ઓળખવામાં આવે છે.

૭. સદરહુ **શુકન એન્જોય** નામની સ્કીમ અંગે કોટક મહીન્દ્રા બેન્ક લીમીટેડના કોર્ટ રીસીવર મંગેશ. બી. સીલીમકરે સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ બીજીતરફવાળાના લાભમાં તારીખ ૨૯/૦૩/૨૦૧૬ ના રોજનો કરી આપેલો છે અને સદરહુ વેચાણ દસ્તાવેજ અમદાવાદના મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તે જ તારીખે અનુક્રમ નંબર : ૩૯૯૭ થી નોંધવામાં આવેલો છે અને તેવી જે મિલકતનો વેચાણ દસ્તાવેજ બીજીતરફવાળાના લાભમાં કરી આપવામાં આવેલો છે તેના નંબર તથા ખુંટ વિગેરેની વિગત આ સાથેના **શીડ્યુલ-૧** માં જણાવવામાં આવેલી છે અને તે રીતે આ સાથેના **શીડ્યુલ-૧** માં જણાવેલી મિલકતના બીજીતરફવાળા સ્વતંત્ર માલીક બનેલા છે.

૮. સદરહુ **શ્રી હરી એન્ટપ્રાઈઝના નામની ભાગીદારીની પેઢીએ** અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં રહેણાકીય તથા વાણીજ્ય ઉપયોગી બાંધકામ અંગેના રીવાઝડ પ્લાનો મંજુર કરાવેલા અને અમદાવાદ મ્યુનિસીપલ

કોર્પોરેશનના ડેપ્યુટી કમિશ્નર સાહેબે **તારીખઃ૧૫/૦૫/૨૦૧૯** ના રોજ રજા ચિઠ્ઠી નંબર-**૧૦૮૨૮/૦૩૦૨૧૭/એ૭૯૮૪/આર૧/એમ૧** થી બાંધકામ અંગેની મંજુરી આપેલ છે.

૯. સદરહુ **શાયોના આગમન** ના નામથી ઓળખાતી રહેંણાકીય તેમજ વાણીજ્ય ઉપયોગી સ્કીમ શ્રી હરી એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢીએ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એક્ટ સને ૨૦૧૬ નીચે નોંધાયેલ છે. અને જેનો જુનો રજીસ્ટ્રેશન નંબર- પીઆર /જીજે /અમદાવાદ /અમદાવાદ સીટી /ઔડા /એમએએ૦૧૦૪૧/૧૬૧૨૧૭ના તારીખઃ ૧૬/૧૨/૨૦૧૭થી નોંધવામાં આવેલ છે.

૧૦. આ સાથેના **શીડ્યુલ-૧** માં જણાવેલી મિલકત ઉપર આવેલા ૧૪ બ્લોકોના મકાનો પૈકી ૧૨ બ્લોકોના બાંધકામ થઈ ગયેલા છે. અને ૧૪ બ્લોકો પૈકી ૨ બ્લોકોનું બાંધકામ શરૂ કરવામાં આવેલું છે. સદરહુ તમામ ૧૦૫૪૮ સમચોરસમીટરની જમીન પૈકીની પુર્વ તરફની આશરે ૧૭૩૮ સમચોરસમીટરની જમીન ઉપર જે જુદા જુદા ૨ બ્લોકોનું બાંધકામ થવાનું છે તે પૈકી **બ્લોક નંબર-...** તરીકે ઓળખવામાં આવતા ફલેટોના બાંધકામ પૈકી **..... માળે** જે ફલેટોનું બાંધકામ આવેલું છે તેવા ફલેટોના બાંધકામ પૈકી **ફલેટ નંબર-......** તરીકે ઓળખાતા **........ સમચોરસમીટર** ના બીલ્ટ-અપ એરીયા(મંજુર થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો **........... સમચોરસમીટર** ના કારપેટ એરીયા વાળુ બાંધકામ અમોએ વેચાણ લેવાનું નક્કી કરેલ છે અને ઉપર જણાવ્યા મુજબ આ સાથેના **શીડ્યુલ-૧** માં જણાવેલી તમામ મિલકત બીજીતરફવાળાએ ૨૯/૦૩/૨૦૧૬ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે.અને તે રીતે આ સાથેના

શીડ્યુલ-૧ માં જણાવેલી મિલકત બીજીતરફવાળાના સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ઉપર જણાવ્યા મુજબ આવેલી છે અને ઉપર જણાવ્યા મુજબ **બ્લોક નંબર-.....** તરીકે ઓળખવામાં આવનારા ફલેટોના મકાનના **..... માળે** આવેલા ફલેટો પૈકી **ફલેટ નંબર-......** તરીકે ઓળખાતા **........ સમચોરસમીટર** ના બીલ્ટ-અપ એરીયા(મંજુર થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો **.......... સમચોરસમીટર** ના કારપેટ એરીયા વાળુ બાંધકામ અમોએ વેચાણ લેવાનું નક્કી કરેલું છે અને તે રીતે નીચે જણાવ્યા મુજબની વિગતે **બ્લોક નંબર-...** તરીકે ઓળખવામાં આવનારા ફલેટોના મકાનના **..... માળે** આવેલા ફલેટો પૈકી **ફલેટ નંબર-.....** વાળી મિલકત એકતરફવાળાને વેચાણ આપવાનું નક્કી કરવામાં આવેલું છે તેની વિગત નીચે જણાવ્યા મુજબની છે.

૧૧. મોજે ગોતા તાલુકા ઘાટલોડીયા ડીસ્ટ્રીકટ અને સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદના ગામની સીમના રેવન્યુ સરવે નંબર-૨૦૬ ની ૨૦૨૩૪ સમચોરસમીટરની જમીન સદરહુ જમીનને બદલે પ્રપોઝડ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩૩ ની રૂઈએ મળેલી ફાઈનલ પ્લોટ નંબર-૨૪/૧, ક્ષેત્રફળ ૧૦૫૪૮ સમચોરસમીટરની બીનખેતીની જમીન પૈકીની વગર વહેંચાયેલ **.......** સમચોરસમીટરની જમીન સદરહુ તમામ ૧૦૫૪૮ સમચોરસમીટરની બીનખેતીની જમીન પૈકી પુર્વ તરફની આશરે ૧૭૩૮ સમચોરસમીટરની જમીન ઉપર બાંધવામાં આવનારા **૨** બ્લોકોના બાંધકામ પૈકી **બ્લોક નંબર-......** તરીકે ઓળખવામાં આવનારા બ્લોકના અધુરા બાંધકામ પૈકી **...... માળે** આવેલા ફલેટોના અધુરા બાંધકામો પૈકી **ફલેટ નંબર-......** તરીકે ઓળખવામાં આવનારું **......... સમચોરસમીટર** નું બીલ્ટ-અપ (મંજુર

થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો .... **સમચોરસમીટર** ના કારપેટ એરીયા વાળું બાંધકામ એ રીતેની મિલકત તથા સદરહુ **બ્લોક નંબર-......** તરીકે ઓળખવામાં આવનારા મકાનમાંના (એ) દાદરા તથા (બી) ઓવરહેડ પાણીની ટાંકી તથા તે અંગેની પાઈપો તથા ઈકવીપમેન્ટ્સ તથા (સી) લીફ્ટ અંગેના કોલાનું બાંધકામ તથા લીફ્ટ તથા તે સાથેના ઈકવીપમેન્ટ્સ તથા (ડી) દરેક માળ ઉપર આવેલ કોમન પેસેજો તથા (ઈ) **બ્લોક નંબર-......** તરીકે ઓળખાતા ફલેટોના મકાનની બહારની બાજુ આવેલા મકાનની અડીને આવેલા ઈલેકટ્રીક કનેકશન તથા કેબલો તથા વોટર કનેકશન તથા ડ્રેનેજ કનેકશન તથા તે તમામમાંના વગર વહેંચાયેલા૧/૧૧૬ મા માલીકી હક્ક હીસ્સા સાથેની એ રીતેની મિલકત તથા સદરહુ તમામ ૧૦૫૪૮ સમચોરસમીટર જમીન ઉપર, ઉપર જણાવેલી વિગતે ૧૪ બ્લોકોનું ફલેટોનું બાંધકામ થવાનું છે અને તેવા તમામ બાંધકામમાંના વખતો વખતના માલીકો તથા તેઓના વંશ, વાલી, વારસોના કોમન વપરાશ માટેની એ રીતેની મિલકતમાંના (એફ) પાણીનો બોર તથા તે સાથેના પમ્પો તથા ઈલેકટ્રીક મોટર તથા ઈકવીપમેન્ટ્સ તથા (જી) પાણી માટેની અંડર ગ્રાઉન્ડ ટાંકી તથા (એચ) તમામ મકાનોના બહારની બાજુ આવેલ ઈલેકટ્રીક કનેકશન તથા કેબલો તથા વોટર કનેકશન તથ પાઈપો તથા ડ્રેનેજ કનેકશન તથા પાઈપો (આઈ) તમામ બ્લોકોના મકાનોના કોમન વપરાશ માટેના પાર્કીંગ માટેના ભોંયરાના બાંધકામ અંગેનો રેમ્પ તથા ભોંયરાનું બાંધકામ તથા (જે) કમ્પાઉન્ડ વોલ તથા ઝાંપા તે તમામમાંના વગર વહેંચાયેલ ...... માં માલીકી હક્ક હીસ્સા સાથેની એ રીતેની મિલકત અંગેના આ કરારમાં જણાવ્યા મુજબના તમામ હક્કો તથા

જવાબદારીઓ સાથેની એ રીતેની મિલકત બીજીતરફવાળાએ એકતરફવાળાને નીચે જણાવેલી શરતોથી વેચાણ આપવાનું નક્કી કરેલું છે અને એકતરફવાળાએ વેચાણ લેવાનું કબુલ કરેલું છે તેમ ગણવાનું છે અને તે મિલકતના નંબર તથા ખુંટ વિગેરેની વિગત આ સાથેના **શીડ્યુલ-ર** *માં જણાવવામાં આવેલી છે.*

૧૨. *આ સાથેના* **શીડ્યુલ-૧** *માં જણાવેલી જમીન ઉપર ૧૪ બ્લોકોનું જે બાંધકામ કરાવવાનું શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડે નક્કી કરેલું છે અને તે અંગેના બાંધકામના પ્લાનો શુકન કોર્પોરેશન પ્રાઈવેટ લીમીટેડે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનમાં મંજુર કરાવેલા છે અને તેવા મંજુર કરાવવામાં આવેલા પ્લાન મુજબ આ સાથેના* **શીડ્યુલ-ર** *માં જણાવેલા બીજીતરફવાળાએ લેવાનું નક્કી કરેલા* **ફલેટ નંબર-......** *તરીકે ઓળખવામાં આવનારું* **......... સમચોરસમીટર** *નું બીલ્ટ-અપ (મંજુર થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો* **....... સમચોરસમીટર** *ના કારપેટ એરીયા વાળું બાંધકામ બીજીતરફવાળા પુરું કરશે તેવું બનશે અને તેવા આ સાથેના* **શીડ્યુલ-ર** *માં જણાવેલા* **ફલેટ નંબર-......** *તરીકે ઓળખવામાં આવનારા* **......... સમચોરસમીટર** *નું બીલ્ટ-અપ (મંજુર થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો* **....... સમચોરસમીટર** *ના કારપેટ એરીયા વાળું બાંધકામની કીંમત ઉચ્ચક* **રૂા. ૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ....***ની થાય છે અને નીચે જણાવ્યા મુજબનો અવેજ એકતરફવાળાએ બીજીતરફવાળાને આપેલા છે.*

૧૩. આ બાનાખતની મુદત આજથી માસ-૧૨ (બાર) ની નક્કી કરવામાં આવેલી છે.

-: ચુકવણાની વિગતઃ-

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા...........એકતરફવાળાએ બીજીતરફવાળાને તારીખઃ..........ના ....બેન્કના ચેક નંબરઃ...........થી વેચાણના અવેજના ૧૦% બાનાના આપ્યા તે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા...........એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૩૦% તારીખઃ..........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા...........એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૪૫% તારીખઃ..........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા...........એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૭૦% તારીખઃ..........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા...........એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૭૫% તારીખઃ..........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના

રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા............એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૮૦% તારીખઃ...........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા............એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૮૫% તારીખઃ...........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

રૂા.૦૦,૦૦૦/- અંકે રૂપિયા............એકતરફવાળાએ બીજીતરફવાળાને વેચાણના અવેજના ૯૫% તારીખઃ...........ના વેચાણના અવેજ પેટે ચુકવવાના રહેશે.

૧૪. સદરહુ ફલેટોનું તથા દુકાનોનું બુકીંગ રદ્દ કરવાનો અધીકાર લખાવી લેનારને છે પરંતુ લખાવી લેનારે સદરહુ મિલકતનું બુકીંગ રદ્દ કરાવે તો લખાવી લેનારે સદરહુ મિલકતની ચુકવેલ રકમમાંથી સદરહુ મિલકતની કુલ કીંમતના બાનાની લખી આપનાર તથા લખાવી લેનાર વચ્ચે નક્કી થયેલ રકમના ૧૦% બાદ કરી બાકીની રકમ લખી આપનારે લખાવી લેનારને બુકીંગ કેન્સલ કરાવ્યા તારીખથી ૪૫(પિસ્તાલીસ) દીવસમાં વગર વ્યાજે પરત આપવાની રહેશે.

૧૫. સદરહુ મિલકતનું બીલ્ડીંગ યુઝ પરમીશન જે તે ઓથોરીટી પાસેથી મેળવવા માટે અમો લખી આપનાર આશરે ૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં અરજી કરીશુ પરંતુ સદરહુ મિલકતનું વપરાશ અંગુંન સર્ટીફીકેટ આવે તેની જાણ અમો લખી આપનાર તમો લખાવી લેનારને દીન ૭(સાત) માં કરવાની રહેશે પરંતુ જો કુદરતી આફત, આગ, ધરકતીકંપ કે અન્ય કોઈ કુદરતી કે માનવ સર્જીત સંજોગોમાં કે સરકાર દ્વારા કાયદાકીય ફેરફાર થવાથી પઝેશન આપવામાં વિઈંબ થાય તો તમો લખાવી લેનારને માન્ય અને કબુલ રાખવાનું રહેશે અને તે અંગે કોઈ પણ પ્રકારની તકરાર કરવા કે કરાવવા હક્કદાર નથી.

૧૬. આ બાનાખતની મુદતમાં ઉપર જણાવ્યા મુજબની વિગતે જે બ્લોક-..... તરીકે ઓળખવામાં આવનારુ છે તે મકાનનું બાંધકામ અમારે અમારા ખર્ચે પુરૂ કરીને તેવા ફલેટોના દુકાનોના મકાનના વપરાશ માટેની બીલ્ડીંગ યુઝ પરમીશન આ બાનાખતની મુદતમાં અમારે મેળવી લેવાની છે. પરંતુ કોઈ કારણસર તેવી બીલ્ડીંગ યુઝ પરમીશન ન મળે તો તેવા સંજોગોમાં બીલ્ડીંગ યુઝ પરમીશન મળ્યા બાદ સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો રહેશે. તે સમયે વેચાણ અવેજના બાકીની રકમ ચુકવેથી બીજીતરફવાળાએ એકતરફવાળાને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો રહેશે. પરંતુ સદરહુ મિલકતના હપ્તા અને તારીખ પ્રમાણે અવેજની રકમ ચુકવવામાં વિલંબ થાય તો અમો લખી આપનાર તમો લખાવી લેનારને નોટીસ આપીશું અને તે નોટીસના ૧૫(પંદર) દીવસની મુદત આપવામાં આવશે અને તેમાં વિલંબ કરશો તો તમો લખાવી લેનારે અમો લખી આપનારને બાકી રહેતી અવેજની રકમ **ઉપર ચુકવવાપાત્ર વ્યાજનો દર**

ભારતીય રીઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જિનલ કોસ્ટ ઑફ લેન્ડીંગ રેટ(એમસીએલઆર), સ્ટેટ બેંક ઑફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત બે ટકા(૨%) જેટલો રહેશે *તે શરત તમો લખાવી લેનારે કબુલ, મંજુર અને માન્ય કરેલ છે. અને તમો લખાવી લેનારની વર્તણુંક કે વ્યવહાર ખોટો હશે તો સદરહુ બાનાખતનો કરાર કેન્સલ કરવાની સત્તા અને અધિકાર અમો લખી આપનારના રહેશે.*

૧૭. *આ બાનાખતની મુદતમાં ઉપર જણાવ્યા મુજબનું વર્તન કરીને આ બાનાખતવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ તમો કહો તેના નામે અમો કરી આપીએ અને ઉપર જણાવ્યા મુજબની વિગતે તમોએ વેચાણ કીંમતના પુરેપુરા નાણાં જે તમોએ આપેલા હોય તે વેચાણ દસ્તાવેજના વેચાણના અવેજમાં મજરે આપીએ અને સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમોને સોંપીએ અને જો તે મુજબ વર્તન કરવામાં અમો કસુર કરીએ તો તમો અમારી વિરૂધ્ધ કાયદેસર પગલાં ભરીને આ બાનાખતવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લો અને તેમાં તમોને થતાં તમામ ખર્ચ તથા નુકશાનના અમો જવાબદાર છીએ. પરંતુ સદરહુ મિલકતનું નક્કી કરેલ મુદતમાં પઝેશન આપવામાં ઉપર જણાવેલા કારણો સિવાય અમો લખી આપનાર લખાવી લેનારને પઝેશન આપવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનારે ચુકવેલ અવેજની રકમ* **ઉપર ચુકવવાપાત્ર વ્યાજનો દર ભારતીય રીઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જિનલ કોસ્ટ ઑફ લેન્ડીંગ રેટ(એમસીએલઆર), સ્ટેટ બેંક ઑફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત બે ટકા(૨%) જેટલો રહેશે** *જે અમો લખી આપનારે ચુકવવાનું રહેશે.*

૧૮. આ બાનાખતની મુદતમાં ઉપર જણાવ્યા મુજબનું અમોએ વર્તન કરેલું હોય અને આ બાનાખતવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો સોંપવાની અમો તૈયારી બતાવીએ તેમ છતાં જો તમો ઉપર જણાવ્યા મુજબની વેચાણ કીંમતના પુરેપુરા નાણાં અમોને ચૂકાવી આપેલા ન હોય તો તે સંજોગોમાં આ બાનાખતના કરારનો તમારી વિરૂધ્ધ કાયદેસર પગલાં ભરીને અમો વિશેષ અમલ કરાવી લઈએ અને તેમાં અમોને થતાં તમામ ખર્ચ તથા નુકશાનના તમો જવાબદાર થાવ. અને તે અંગે વેચાણ અવેજના બાકીની રકમ ઉપર ૧૮% લેખે માસીક વ્યાજ તેમજ બીજા ખર્ચા તમો લખી આપનારે અમો લખાવી લેનારને આપવા બંધાયેલા છો.

૧૯. સદરહુ ફલેટોનું તથા દુકાનોનું પઝેશન અમો બીજીતરફવાળા એકતરફવાળાને આશરે **તારીખઃ ૩૧/૧૨/૨૦૧૯** સુધીમાં આપવામાં આવશે. પરંતુ સદરહુ ફલેટોના તથા દુકાનોના વપરાશ અંગેનું સર્ટીફીકેટ આપવામાં વિલંબ થાય તો તે સંજોગોમાં પઝેશન આપવાની મુદતમાં આપોઆપ વધારો થશે જે તમો એકતરફવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે.

૨૦. સદરહુ **૧૦૫૪૮** સમચોરસમીટરની જમીન ઉપર **"શાયોના આગમન"** ના નામથી ઓળખાતું ફલેટો તથા દુકાનો વાળા કોમ્પ્લેક્ષનું મકાન બાંધવામાં આવેલું છે તે સિવાયની તેવા મકાની ચારે બાજુ ખુલ્લી જમીન આવેલી છે તેવી માર્જીનની જમીનનો ઉપયોગ પણ બીજીતરફવાલા વખતોવખત જે નિયમો કરે તે નિયમો મુજબ પાર્કીંગ માટે સદરહુ આખા મકાનના જુદા જુદા ભાગના માલીકો તથા તેઓના વંશ, વાલી, વારસો વિગેરેએ કરવાનો રહેશે અને તે રીતે ભોંયરાના પાર્કીંગના ઉપયોગ અંગે તથા વહીવટ અંગે તથા

તેની વ્યવસ્થા અંગે અને ઉપર જણાવ્યા મુજબનું રજીસ્ટર્ડ એસોસીએશન અગર કંપનીઝ અગર સર્વિસ સોસાયટી વખતોવખત જે નિયમ કરે તે નિયમો આખા મકાનના જુદા જુદા ભાગોના માલીકો તથા તેઓના વંશ, વાલી, વારસો વિગેરેને બંધનકર્તા હોવાનું ગણાશે અને તે અંગે કોઈપણ તકરાર કે મતભેદ ઉપસ્થિત થાય તો બીજીતરફવાલાનો નિર્ણય છેવટનો ગણાશે અને તે તમામને બંધનકર્તા હોવાનું ગણાશે.

૨૧. સદરહુ **"શાયોના આગમન"** નામની સ્કીમમાં મળવાપાત્ર તમામ એફ.એસ.આઈ. સંપુર્ણ રીતે વાપરવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં એફ.એસ.આઈ. ના જે કાંઈ લાભ હોય તે તમામ સદરહુ સ્કીમના તમામ સભાસદોના વરાડે રહેશે.

૨૨. વધુમાં અમો લખી આપનાર આથી જાહેર કરીએ છીએ કે આજની તારીખે સદરહુ જમીન માટે ઉપલબ્ધ ફલોર સ્પેસ ઈન્ડેક્ષ માત્ર ૧.૮ જ છે અને અમો લખી આપનારે પ્રિમીયમની ચુકવણી કર્યેથી ઉપલબ્ધ બનતાં ટી.ડી.આર અથવા એફ.એસ.આઈ. અથવા વિકાસ નિયંત્રણ નિયમન (ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન) માં જણાવ્યા મુજબની જુદી જુદી યોજનાઓના અમલ દ્વારા પ્રોત્સાહન એફ.એસ.આઈ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઈ. અથવા ભવિષ્યમાં વિકાસ નિયંત્રણ નિયમનોમાં ફેરફાર થવાથી અપેક્ષિત વધુ એફ.એસ.આઈ મળશે, એવા તર્કના આધારે આ ચારેય બાબતો ઉક્ત સદરહુ સ્કીમનાને લાગુ પડે છે, જે એફ.એસ. આઈ. વાપરવાનું આયોજન કર્યુ છે. ઉક્ત સદરહુ સ્કીમમાં અમો લખી આપનારે સદરહુ જમીન ઉપર ૨.૭ એફ.એસ.આઈનો ઉપયોગ કરવાનું વિચાર્યુ છે અને તેને આધારે તમો લખાવી લેનાર ખરીદ કરવા તૈયાર થયા છો.

૨૩. સદરહુ મિલકતના બાંધકામના કારપેટ ક્ષેત્રફળમાં વધુમાં વધુ ૩% ના તફાવતનો અવકાશ રહેશે. નો તેવા કારપેટ ક્ષેત્રફળમાં તેથી વધારે વધારો ઘટાડો થાય તો તેવા વધારા ઘટાડા અંગે બાનાખતના કરારમાં નક્કી કરેલ કીંમત પ્રમાણે વરાડે તફાવતની રકમ ગણવાની રહેશે. વધુમાં સદરહુ મિલકતનું બાંધકામ લખીઆપનાર દ્વારા આવી પુષ્ટી આપવામાં આવ્યા બાદ કારપેટ એરીયાની કુલ કીંમતની પુનઃ ગણતરી કરવાની રહેશે. કારપેટ એરીયામાં થયેલો ઘટાડો નીર્ધારીત મર્યાદાની અંદર હોયતો લખી આપનારે લખાવી લેનારના ચુકવેલા વધુ નાણાં જ્યારથી ચુકવેલ હોય તે તારીખથી ૧૮% ના વાર્ષિક દરે વ્યાજ સાથે ૪૫ દિવસની અંદર પરત ચુકવશે. લખાવી લેનારને આપવામાં આવેલા કારપેટ એરીયામાં કોઈ વધારો થયેલ હોયતો લખીઆપનાર ચુકવણીના કરવામાં આવેલા આયોજનના ત્યાર પછીના હપ્તા મુજબ લખાવી લેનાર પાસેથી વધારાની રકમની માંગણી કરશે આ તમામ નાણાંકીય ગોઠવણો પેરા નંબર-૯માં થયેલી સમજુતી મુજબ સમચોરસમીટર દીઠ સમાન દરે કરવાની રહેશે.

૨૪. સદરહુ મિલકતના રાઈટ, ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાની તમોએ ખાત્રી કરી લીધેલી છે અને તેથી તે અંગે અમારે કોઈ ચોખવટ કરી આપવાની રહેતી હોવાનું ગણાશે નહીં.

૨૫. સદરહુ મિલકત તથા તેની ઉપર બાંધવામાં આવતાં ફલેટ ઉપર અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આથી અમો લખી આપનાર સદરહુ મિલકત ગીરો કે જામીનમાં મુકેલ નથી કે ભવિષ્યમાં મુકવાના નથી તેના ઉપર કોઈપણ લોન લીધેલ નથી કે ભવિષ્યમાં લેવાના નથી મિલકત/ફલેટની વેલ્યુ ઘટે તેવા કાર્યો કરવા

કે કરાવવાના નથી તે અંગેની બાંહેધરી અમો લખી આપનાર તમો લખાવી લેનારને આપીએ છીએ.

૨૬. સદરહુ મિકલતનું બીલ્ડીંગ યુઝ પરમીશન મળ્યા તારીખથી ૫(પાંચ) વર્ષના સમયગાળા દરમિયાન સદરહુ મિલકતમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા કામગીરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી લખાવી લેનાર લખી આપનારને ધ્યાને લાવે અને તે ખામી લખાવી લેનારને લીધે ઉત્પન્ન થયેલ ન હોય તો અમો લખી આપનારે શકય હોય ત્યાં સુધી આવી માળખાકીય ખામી અમો લખી આપનારના ખર્ચે દુર કરી આપવાની રહેશે. પરંતુ તે અંગે લખાવી લેનારની અન્ય કોઈ માલ મિલકત, ફર્નીચર, કલર વિગેરે ને નુકસાન થયેલ હોય તે રીપેર કરાવવાની કે વળતર આપવાની અમો લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી. અને આવી આળખાકીય ખામી દુર કરવાનું શક્ય ન હોય તો લખાવી લેનારે આવી ખામી માટે અધીનિયમની જોગવાઈઓને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે.

૨૭. વધુમાં લખાવી લેનાર દ્વારા બિલડીંગના કોઈ પણ ભાગમાં ચીઝલીંગ, વાઈબ્રેટીંગ, ડ્રીલીંગ, કોર કટીંગ, કે અન્ય કોઈપણ રીતે ફેરફાર કરવામાં આવે કે કોઈ કોઈપણ પ્રકારની તોડફોડ કરવામાં આવે અને આવા ફેરફાર કે તોડફોડના કારણે બીલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બીલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રક્ચર નબળુ પડી જાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાની થાય તો તેના માટે અમો લખી આપનાર ની કોઈ જવાબદારી રહેશે નહી અને આવી ખામી વેચાણ આપનાર આવી ખામી કે નુકસાનને રીપેર કરવા જવાબદાર ગણાશે નહી. તેમજ કોઈ પણ પ્રકારની કુદરતી

આપત્તીઓ જેવીકે ધરતી કંપ, વરસાદના પુર, આગ, વાવઝોડુ, વિગેરે તથા માનવ સર્જીત આપત્તીઓ જેવી કે તોફાનો, રમખાણો, આતંકવાદ, આગ લાગવાથી વિગેરેના કારણે તથા તમો વેચાણ લેનારના કારણે બીલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બીલ્ડીંગના કોઈપણ ભાગનું સ્ટ્રક્ચર નબળુ પડીજાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાની થાય તો તેના માટે અમો લખી આપનાર જવાબદાર ગણાશુ નહી.

૨૮. આ બાનાખતના કરારમાં ધ રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ ના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ (જનરલ) ના કાયદા અન્વયેના અધિનીયમની જોગવાઈઓને આધીન કોઈપણ શરત કે હકીકતનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોય અને તે ધ્યાન ઉપર આવે ત્યારે પક્ષકારોએ કોઈપણ પ્રકારની તકરાર કે વાદ-વિવાદ સિવાય તે મુજબનો સુધારો કરીને આ બાનાઅતનો કરાર વાંચવાનો, સમજવાનો તેમન ગણવાનો છે અને રહેશે.

૨૯. આ બાનાખતના કરારના અર્થઘટન બાબતે કે કોઈપણ શરતો બાબતે પક્ષકારો વચ્ચે કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાય તો તેનો નિકાલ બંન્ને પક્ષકારોએ અંદરો અંદર વાદ વિવાદ કે લીટીગેશનમાં ઉતર્યા સિવાય સમજીને તેનો નિકાલ કરી દેવાનો છે અને રહેશે અને જો તેમ છતા તકરારનું નિરાકરણ ન આવે તો ખરીદનારને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ આથોરીટી સમક્ષ રજુઆત કરવાનો હક્ક રહેશે.

૩૦. *આ બાનાખતની કોઈપણ શરત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની કોઈપણ જોગવાઈને પ્રતિકુળ રીતે અસર કરતી હશે તો તેવી તમામ શરતો રદ્દ યાને કેન્સલ ગણી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની જોગવાઈ અનુસાર તે શરત ગણવાની રહેશે નહી અને બાકીની શરતો આ કરારમાં દર્શાવ્યા મુજબ માન્ય ગણવાની રહેશે.*

૩૧. *રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એક્ટ –૨૦૧૬(રેરા) ની કલમ -૧૪(૩) ની જોગવાઈઓ અનુસાર પોતાની ફરજ અદા કરવા અમો લખી આપનાર બંધાયેલા છીએ.*

૩૨. *આ બાનાખતવાળી મિલકતના વેચાણ દસ્તાવેજની તારીખ સુધીના વખત માટેના તમામ ટેક્ષો અમારે શીરે છે અને વેચાણ દસ્તાવેજની તારીખ પછીના વખત માટેના તમામ ટેક્ષો તમારે શીર છે.*

૩૩. *આ બાનાખતની રૂઈએના વેચાણ દસ્તાવેજના સ્ટેમ્પ તથા રજીસ્ટ્રેશન તથા જી.એસ.ટી., વેટ, ટી.ડી.એસ. તથા મેન્ટેનન્સ તથા લખામણી, વકીલ ફી વિગેરે તમામ ખર્ચ તમો લખાવી લેનારને શીર છે.*

:: શીડ્યુલ-૧ ::

મોજે ગોતા તાલુકા અમદાવાદ પશ્ચિમ ડીસ્ટ્રીકટ અને સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ ખાતે આવેલ બીનખેતીની અનારક્ષિત અને બોજા રહીત અને રેવન્યુ સરવે નંબર-૨૦૬ ની ૨૦૨૩૪ સમચોરસમીટરની જમીન ધરાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩૩ માં સમાવિષ્ટ જમીનનો કોઈપણ ટુકડો કે સમગ્ર જમીન ઉપર બંધાયેલ અને/અથવા બંધાનાર મકાનો-માળખા (૧) ફાઈનલ પ્લોટ નંબર-૨૪/૧, ક્ષેત્રફળ ૧૦૫૪૮ સમચોરસમીટર તથા (૨) મોર્ગેજ ડીડમાં બીડેલ નકશામાં ઓળખાયેલ અને સીમાંકન કરાયેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૫, ક્ષેત્રફળ ૧૫૯૩ સમચોરસમીટર પૈકી ફાઈનલ પ્લોટ નંબર-૨૪/૧, ક્ષેત્રફળ ૧૦૫૪૮ સમચોરસમીટર તેમજ તેના

વેચાયેલ બાંધકામ, બંધાયેલ છે અથવા બંધાનાર છે અને જેની નોંધણી સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) માં સ્થિત છે તેમજ નીચે મુજબ સીમીત છે ...

પૂર્વે	:	રોડ
પશ્ચિમે	:	ફાઈનલ પ્લોટ નંબર-૨૪/૨
ઉત્તરે	:	ફાઈનલ પ્લોટ નંબર-૨૩ તથા ૧૨૧
દક્ષિણે	:	ફાઈનલ પ્લોટ નંબર-૧૧૯ તથા ૧૨૦

:: શીડ્યુલ-૨ ::

મોજે ગોતા તાલુકા ઘાટલોડીયા ડીસ્ટ્રીકટ અને સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદના ગામની સીમના રેવન્યુ સરવે નંબર-૨૦૬ ની ૨૦૨૩૪ સમચોરસમીટરની જમીન સદરહુ જમીનને બદલે પ્રપોઝડ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩૩ ની રૂઈએ મળેલી ફાઈનલ પ્લોટ નંબર-૨૪/૧, ક્ષેત્રફળ ૧૦૫૪૮ સમચોરસમીટરની બીનખેતીની જમીન પેકીની વગર વહેંચાયેલ .... સમચોરસમીટરની જમીન સદરહુ તમામ જમીન સદરહુ તમામ ૧૦૫૪૮ સમચોરસમીટરની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવનારા કુલ પંદર બ્લોકોના બાંધકામ પૈકી બ્લોક નંબર-........ તરીકે ઓળખવામાં આવનારા બ્લોકના અધુરા બાંધકામ પૈકી ....માળે આવેલા ચાર ફલેટોના અધુરા બાંધકામો પૈકી ફલેટ નંબર-........ તરીકે ઓળખવામાં આવનારું .... સમચોરસમીટર નું બીલ્ટ-અપ (મંજુર થયેલા પ્લાન મુજબ દિવાલો સાથેના બાંધકામ) કે જેનો .... સમચોરસમીટર ના કારપેટ એરીયા વાળું બાંધકામ એ રીતેની મિલકત તથા સદરહુ બ્લોક નંબર-........ તરીકે ઓળખવામાં આવનારા મકાનમાંના (એ) દાદરા તથા (બી) ઓવરહેડ પાણીની ટાંકી તથા તે અંગેની પાઈપો તથા ઈકવીપમેન્ટસ તથા (સી) લીફટ અંગેના કોલાનું બાંધકામ તથા લીફટ તથા તે સાથેના ઈકવીપમેન્ટ્સ તથા (ડી) દરેક માળ ઉપર આવેલ કોમન પેસેજો તથા (ઈ) બ્લોક નંબર-........ તરીકે ઓળખાતા ફલેટોના મકાનની બહારની બાજુ આવેલા મકાનની અડીને આવેલા ઈલેકટ્રીક કનેકશન તથા કેબલો તથા વોટર કનેકશન તથા ડ્રેનેજ કનેકશન તથા તે તમામમાના વગર વહેંચાયેલા૧/૨૦ મા માલીકી હક્ક હીસ્સા સાથેની એ રીતેની મિલકત તથા સદરહુ તમામ ૧૦૫૪૮ સમચોરસમીટર ઉપર, ઉપર જણાવેલી વિગતે પંદર બ્લોકોનું ફલેટોનું બાંધકામ થવાનું છે અને તેવા તમામ બાંધકામમાંના વખતો વખતના માલીકો તથા તેઓના વંશ, વાલી, વારસોના કોમન વપરાશ માટેની એ રીતેની મિલકતમાંના (એફ) પાણીનો બોર તથા તે સાથેના પમ્પો તથા ઈલેકટ્રીક મોટર તથા ઈકવીપમેન્ટ્સ તથા (જી) પાણી માટેની અંડર ગ્રાઉન્ડ ટાંકી તથા (એચ) તમામ મકાનોના બહારની બાજુ આવેલ ઈલેકટ્રીક કનેકશન તથા કેબલો તથા વોટર કનેકશન તથ પાઈપો તથા ડ્રેનેજ કનેકશન તથા પાઈપો (આઈ) તમામ બ્લોકોના મકાનોના કોમન વપરાશ માટેના પાર્કીગ માટેના ભોંયરાના બાંધકામ અંગેનો રેમ્પ તથા ભોંયરાનું બાંધકામ તથા (જે) કમ્પાઉન્ડ વોલ તથા ઝાંપા

તે તમામમાંના વગર વહેંચાયેલ .... સ.ચો.મી. માં માલીકી હક્ક હીસ્સા સાથેની એ રીતેની મિલકત તથા તેના ખૂંટચારની વિગત જે ...

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

૩૪. ઉપર જણાવેલી હકીકતો અમારી જાણ મુજબ સાચી છે.

આ કરાર અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી કર્યું છે તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

આજ તારીખ : .../.../૨૦૧૯ ના રોજ શહેર અમદાવાદ મધ્યે.

અત્રે ....મત્તુ અત્રે ....શાખ
લખાવી લેનાર : એકતરફવાળા

....

લખી આપનાર : બીજીતરફવાળા
શ્રી હરી એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢીની વતી અને તરફથી તેના ભાગીદારો

....
હેમલ કે. પટેલ

....
પીયુષ બી. પટેલ

સાક્ષીઓ :

૧..................................

૨..................................

<u>રજીસ્ટ્રેશન એક્ટની કલમ ૩૨-એ મુજબ પરિશિષ્ટ</u>

<u>લખાવી લેનાર : એકતરફવાળા</u>

....

<u>લખી આપનાર : બીજીતરફવાળા</u>

શ્રી હરી એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢીની વતી અને તરફથી તેના ભાગીદારો

....
હેમલ કે. પટેલ

....
પીયુષ બી. પટેલ